પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/ક્વા–૦૧/૧૬–૧૭/ ૧૩૪૨ તા. ૦૮/૦૮/૧૬

રજી. એડી પત્ર

પ્રતિ,
કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ,
ગોરીપીર પાછળ,
ગુલીસ્તાન સોસાયટી,
જૂનાગઢ,
મો: ૯૮૨૪૪ ૫૨૯૪૩

વિષય :–નવા ખેતીવાડી વિજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૬–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૭/ક્વા–૦૧/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)
૦૨

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ. વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,બીલખા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમા દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 01 A

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજુ. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૭/ફવા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૦૩–૦૮–૧૬ | સ્થળ :જુનાગઢ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામઃ કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ,ગામઃ જુનાગઢ,
રજુઆત કરનાર : અરજદાર શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ હાજર રહેલ હતા.

વિરૂદ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,બીલખા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)
રજુઆત કરનાર :વી.એમ.દોમડીયા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

: હુકમ :

ફરીયાદ : નવા ખેતીવાડી વિજજોડાણ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

૧.૧ અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ બીલખા ખાતે આવેલ, ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ મા, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અરજી પીજીવીસીએલ મા તા.૩૦–૧૦–૧૪ ના રોજ નોધાવેલ છે. આ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક બીલખા પેટા વિભાગીય કચેરી તરફથી, પત્ર ક્રમાંક ૧૬૦૫ તા.૧૮–૦૨–૧૬ થી નોટીસ ના રૂપ મા પાઠવી અને, ફરીયાદી અરજદાર શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ, ને, પીજીવીસીએલ તરફથી જણાવાયેલ છે કે, માંગણી મુજબ ના સ્થળ પર પીજીવીસીએલ ની બાકી લેણી રકમ વસુલાત ને પાત્ર હોય, જે રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કરાયા બાદ જ માંગણી મુજબ નુ જોડાણ આપી શકાશે. અરજદાર જણાવે છે કે, આ બાબતે, તેઓ વિશેષ સ્પષ્ટતા ફોરમ કમિટી ની જુનાગઢ ખાતે ની મીટીંગ મા, રૂબરૂ કરવા માંગે છે. જે સ્પષ્ટતા મુજબ તેઓ નિર્દોષ હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

૨.૧ અરજદાર શ્રી એ તેઓના ગામઃ બીલખા ખાતે આવેલ, ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ મા, નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની, અરજી પીજીવીસીએલ મા તા.૩૦–૧૦–૧૪ ના રોજ નોધાવેલ છે. આ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક બીલખા પેટા વિભાગીય કચેરી તરફથી, ચકાસણી કરતા, પીજીવીસીએલ ને નીચેના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ની વાસ્તવિકતાઓ જણાયેલ છે.

૨.૨ અરજદાર શ્રી ના સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની માંગણી મુજબ નુ સ્થળ, એટલેકગામઃ બીલખા ના ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ મા, અગાઉ જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામનુ, ૨૦ હોપા નુ ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૬૦૦૧/૦૨૯૧૬/૧, જે તા.૧૮–૦૪–૨૦૦૫ થી આવેલ હતુ. આ જોડાણ મા પીજીવીસીએલ તરફથી તા.૨૯–૧૨–૧૨ ના રોજ કરાયેલ વીજ ચેકીંગ દરમ્યાન, પાવર ચોરી ની બાબત જણાયેલ હોવાથી, જે તે સમયે પીજીવીસીએલ તરફથી જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ને, રૂ.૧૨,૩૭,૯૮૯/૬૬ નુ, પાવર ચોરી સબંધક પુરવણી બીલ આપવામા આવેલ હતુ. પરંતુ, સદર પાવર ચોરી સબંધક પુરવણી બીલ ની રકમ, જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા એ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. જેથી, પીજીવીસીએલ ની સંબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા, સદર પુરવણી બીલ ની વસુલાત બાબતે, શ્રી જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા સામે, નામદાર અદાલત જુનાગઢ મા દાવા નં.–૦૩/૨૦૧૪ દાખલ કરેલ હતો. હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ના, જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા સામે વસુલાત બાબતેનો, સદર કાનનુન કેઈસ, જે નામદાર અદાલત જુનાગઢ સામે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર છે

૨.૩ ત્યારબાદ, પાવર ચોરી સબંધક જોડાણ વાળા, મુળ જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ની, સદર મુળ ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ વાળી જમીન, શ્રી જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા તથા કાનજીભાઈ નરશીભાઈ કારેલીયા એ, તા.૨૬–૦૮–૨૦૦૯ ના રોજ મનસુખ લાલજી વેકરીયા ને વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ છે. આમ, તા.૨૬–૦૮–૨૦૦૯ ની સ્થિતીએ, સદર ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ વાળી જમીન, જે જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામ પરથી, મનસુખ લાલજી વેકરીયા ના નામ પર, રેવન્યુ રેકર્ડ મા નોધાયેલ છે. પરંતુ, સદર જમીન પર, અગાઉ જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામ પર આવેલ, ઓર્ધોગીક વીજજોડાણ નં : ૩૬૦૦૧/૦૨૯૧૬/૧ પર ના પાવરચોરી સબંધ નો, લેણી રકમ વસુલાત બાબતેનો, સદર કાનનુન કેઈસ નં. ૦૩/૨૦૧૪ જે નામદાર અદાલત જુનાગઢ સામે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર હોવાના કારણોસર, સદર પાવરચોરી વાળા ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૩૬૦૦૧/૦૨૯૧૬/૧ ને, મુળ ગ્રાહક શ્રી જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામ પરથી, મનસુખ લાલજી વેકરીયા ના નામે નામ બદલી કરાયેલ નથી.

૨.૪	ત્યારબાદ, મનસુખ લાલજી વેકરીયા એ અગાઉ તા.૨૬-૦૮-૨૦૦૯ ના રોજ ખરીદેલ, સદર ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ વાળી જમીન, શ્રી મનસુખ લાલજી વેકરીયા એ તા.૧૦-૦૨-૧૪ ના રોજ શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ ને વેચાણ આપેલ છે. હાલ, શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ એ, શ્રી મનસુખ લાલજી વેકરીયા પાસેથી ખરીદેલ, આ ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ / ૧ / ૧ જમીન પર ના બોરવેલ પર નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૩૦-૧૦-૧૪ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી નોધાવેલ છે.
૨.૫	આમ, શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમે, ઉપરોકત મુદદા નં. ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતવાળી, ગામઃ વાડલા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ વાળી, ખેતીવાડી ની જમીન, કે જે શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમે, મનસુખ લાલજી વેકરીયા પાસેથી ખરીદેલ છે. અને આ જમીન સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ વાળી જમીન, જે મનસુખ લાલજી વેકરીયા એ , અગાઉ જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા પાસે થી ખરીદેલ છે. અગાઉ, આ જમીન પર ના, જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામના આવેલ ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૩૬૦૦૧/૦૨૯૧૯/૧ પર. પીજીવીસીએલ નો, જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા સામે નો, પાવરચોરી સબંધક રકમ ની વસુલાત નો, કાનુન ના દાવા અરજી નં. ૦૩/૨૦૧૪ જે, જુનાગઢ અદાલત મા પડતર છે. આમ, હાલ શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમે, સદર, પીજીવીસીએલ ની અગાઉ ની બાકી લેણી વસુલાત વાળી રકમ વાળી જમીન ખરીદી, અને તે જમીન પર ના બોર પર શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમે, તા.૩૦-૧૦-૧૪ ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી કરેલ છે.
૨.૬	આમ, ઉપરોકત મુદદા નં. ૨.૫ મુજબ ની વિગત વાળી, જમીન પર પીજીવીસીએલ નો, બાકી લેણા વસુલાત અન્વયે નો અદાલતીય કેઈસ પડતર હોય, આવા કારણોસર, સદર જમીન પર શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ ને, પીજીવીસીએલ ની સબંધક પ્રાચી પેટા વિભાગીય કચેરી તરફથી, પત્ર ક્રમાંક ૧૬૦૫ તા.૧૯-૦૨-૧૬ થી નોટીસ પાઠવી અને, પીજીવીસીએલ ની સદર બાકી લેણી રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કરાયા બાદ જ માંગણી મુજબ નુ જોડાણ આપી શકાશે, તે મુજબ ની જાણકારી આપવામા આવેલ છે. પીજીવીસીએલ પક્ષકાર ની સદર વસુલાત ની કાર્યવાહી, જે, સદર જમીન ના હાલ ના માલીક શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ સામે કરવામા આવેલ છે, તે કાર્યવાહી પીજીવીસીએલ મા હાલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા ફરાયેલ જોગવાઈ મુજબ ની પ્રક્રીયા હેઠળ, કરવામા આવેલ હોય, જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે.

મુદદા નં.-૩ : : નિષ્કર્ષ :

૩.૧	શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમે, જે ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ મા, તા.૩૦-૧૦-૧૪ ના રોજ, નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી નોધાવેલ છે, તે જમીન, અગાઉ શ્રી જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ની માલીકી ની હતી. અને આ જમીન પર અગાઉ જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા ના નામ પર ના, ઓર્ધોગીક વીજજોડાણ નં.:૩૬૦૦૧/૦૨૯૧૯/૧ મા, પીજીવીસીએલ પક્ષકાર નો , પાવરચોરી સબંધક પુરવણીબીલ અન્વયે ની રકમ ની, વસુલાત સબળ નો, જગદીશભાઈ નરશીભાઈ કારેલીયા સામે નો, કાનુન ના દાવા અરજી નં. ૦૩/૨૦૧૪ જે, જુનાગઢ અદાલત મા પડતર છે. આમ, માંગણી મુજબ ના સ્થળ એટલેકે જમીન ખેતીવાડી સર્વે નંબર : ૧૬૧ પૈકી ૧ પૈકી ૧ પર, અગાઉ પીજીવીસીએલ પક્ષકાર ની બાકી લેણી રકમ, જે કાનુન રાહ હેઠળ વસુલાત અન્વયે ની પ્રક્રીયા હેઠળ છે.
૩.૨	પીજીવીસીએલ મા હાલ મા પ્રવર્તમાન નામદાર જીઈઆરસી ના ધારાધોરણ- એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ, પીજીવીસીએલ ની વસુલાત પાત્ર એવી બાકી લેણી રકમ વાળી જમીન પર, નવુ જોડાણ આપી શકાય નહી. આવા નિયમાધીન કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી કાસમભાઈ રહેમાનભાઈ બેલીમ ની , તેમની માંગણી મુજબ, સદર જમીન પર, નવુ ખેતીવાડી વીજજોડાણ આપવાની ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી, અત્રેના ફોરમ ક્કાએથી ગ્રાહય રાખી શકાય નહી.

મુદદા નં.-૪ : હુકમ

૪.૧	સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગત, ફરીયાદી અરજદાર શ્રી ને જાણકારી આપી, અને મુદદા નં. ૩ ૨ મુજબ ની વિગતે, તેઓ શ્રી ની સવાલવાળી અરજી, અત્રેના ફોરમ ક્કાએથી ગ્રાહય રહેલ નથી.

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોધ: જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (સિદ્ધ હોલ્પલાઇન), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, અંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાકીય બાબત સબંધક હોય તો, સદર કરવા ૩૩૩ રકમ પીજીવીસીએલમાં વધુ સાથે ફરજીયાત કરાયેલ હોવાનો ઈલેટ્રોન અપીલ અરજીમાં થવો જરૂરી છે..